અર્પણ પત્ર.

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

જગજ્જનની અંબાતુલ્ય ગંગાસ્વરૂપ મ્હારાં માતુશ્રી અંબાબાઇ, તથા કૈલાસ વાસી શ્રીશંકર તુલ્ય કૈલાસવાસી મ્હારા પિતાશ્રી જયશંકર.

નિવાસ–દ્યાવાપૃથિવ્યૌ.

જન્મથી માંડી અત્યાર સુધીમાં આપે કરેલા મ્હારા પર અસંખ્ય ઉપકારોથી ઓશીંગણ થયેલો, આપના ચરણકમળનો દાસ, આપનો અજ્ઞાન બાળક, આપે અનેક કષ્ટો વેઠી યથાશક્તિ મ્હને આપેલા વિદ્યાદાનની પ્રથમ પ્રસાદીરૂપ, મ્હારો રંક પ્રયત્ન, એક ક્ષુદ્ર સેવારૂપે આ લઘુ કાવ્ય કે જેમાં સ્વર્ગતુલ્ય મ્હારી જન્મભૂમિનો પણ કંઇક ઉલ્લેખ છે તે હે મ્હારાં સ્વર્ગથી પણ અધિક માતાપિતા ! આપનેજ અર્પણ કરવું યોગ્ય ધારી સવિનય સપ્રેમ આપને સમર્પણ કરૂં છું તે સ્વીકારી ઉપકૃત કરશોજી.

બીઠૂલવાડી
મુંબાઇ
ભાદ્રપદ શુક્લ ૧
૧૯૫૯ વિક્રમાર્ક

હું છું આપનો
બાળક.
પ્રભાશંકરજયશંકર પાઠક.

બે બોલ.

છેક બાલ્યાવસ્થામાં મ્હારી જન્મભૂમિ નજીક આવેલું શ્રી કુંભનાથનું જીર્ણ શિવાલય જોઇ તે વિષે માહિતી મેળવવા તે વખતેજ સંકલ્પ થએલો, જે કાળે કરીને તે સ્થળનો જીર્ણોદ્ધાર થયા પછી હવે પાર પડે છે. શિવાલય સંબંધી સર્વ હકીકત કાવ્યમાં જણાવેલી હોવાથી તત્સંબંધી આંહી લખવું અનાવશ્યક છે.

સદરહુ કાવ્ય તા. ૧૦—૩—૧૯૦૮ ના રોજ પ્રથમ મ્હારાથી દેશી રાગોમાં અપૂર્ણ લખાઈ તેવુંજ અત્યાર સુધી સચવાઈ રહ્યું હતું. જેમાં કેટલુંક રૂપાંતર તથા સુધારો વધારો કરી આ સ્વરૂપમાં સર્વ સમક્ષ આજે તે મુકાય છે.

કાવ્ય સંબંધી પ્રાચીન ઇતિહાસ મેળવવા મ્હારા વયોવૃદ્ધ સાહિત્યપ્રેમી જ્ઞાતિબંધુ કહાનજી માધવજી ભટ્ટ જેઓ ભાવનગર સ્ટેટમાં એક અનુભવી શિક્ષક તરીકે લેખાઇ હાલ એકલારામાં શિક્ષક છે તેમણે આપેલી મદદ બદલ આ સ્થળે તેમનો આભાર માનવાની તક લઉં છું.

વિશેષમાં છેલ્લે મ્હારા ઉદાર અને શ્રીમંત મિત્રરત્ન શાહ મુળચંદ રણછોડદાસ તરફથી અત્યાર સુધીમાં મ્હને મળેલી અનેક પ્રકારની મદદોમાં વધારા રૂપે આ કાવ્ય છપાવવા મળેલી મદદ બદલ તેમનો પુનઃ પુનઃ આભારી છું.

મુંબઇ
તા. ૧—૯—૧૩ } પ્રભાશંકર જયશંકર પાઠક.

શ્રી કુંભનાથનું શિવાલય.

सरस्वती स्तवन.

શાર્દૂલવિક્રીડિત.

જે સૃષ્ટિ સરજનાર કેરી દુહિતા આનંદઉલ્લાસિની,
જે સેવે ખરૂં બ્રહ્મચર્યજ સદા સંસારવિરાગિણી,
જે વાણી રૂપ ધારિણી, અખિલ આ બ્રહ્માંડ સંચારિણી,
વંદું તે મમ ઈશ્વરી પ્રણયથી અજ્ઞાન વિદારિણી.
જેણે ગ્રંથ ગ્રહ્યો છ એક કરમાં, બીજે ગ્રહી માલિકા,
બીજા બે કરથી મધુર સ્વરથી જે છે વગાડે વીણા;
બેઠી જે મયુરાસને, પ્રણમતા ભક્તો તણી કામદા,
વંદું તે મમ ઈશ્વરી ભગવતી બુદ્ધિપ્રદા શારદા.
જેને સંગીતકોવિદો[1] બહુ સ્તવે લ્હેરી રૂપે નાદની,
જેને વેદ વિશારદો[2] પણ નમે વાચા ગણી બ્રહ્મની,
જેને કાવ્ય કલા રસિક કવિઓ દેવી ગણે ભારતી,
વંદું તે મમ ઈષ્ટદા અભયદા વિજ્ઞાનદા ઈશ્વરી.

૧, ૨. માં કુશળ.

જેની ભક્તિ વિષેજ બાલ વયથી સંપૂર્ણ શ્રદ્ધા કરી,
જેનું કેવળ નામ માત્ર સ્મરતાં વિઘ્નોઘ જાયે ટળી,
જેની મ્હેર થકીજ કાર્ય સઘળાં પામે પરિપૂર્ણતા,
તે ભોળા શિવજી વિષે કંઇ લખું: દેવિ મ્હને સ્હાય થા.

सोरठी भूमिनुं गौरव.

નારાચ.

પ્રસિદ્ધ જે પુરાણમાં અનાદિ કાળથી કરી;
કરે છ કીર્તિગાન જેનું મુક્તકંઠ[1] કિન્નરી;
અનેક રત્ન જન્મદા; અનેકધા સુખપ્રદા;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય[2] છે દિગન્તમાં[3] !
રહ્યો છ બાજુ ત્રણ સિંધુરાજ ગર્જના કરી;
નજીક એક દિશામાં વસેલ બ્હેન ગુર્જરી;
અખંડ ન્હાની નિર્મળી નદી વહે અનંત જ્યાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
ઉદાર ઉદ્યમી અતિથિપ્રિય[4] પ્રેમી લોક જ્યાં;
સુખી નિરોગી જીંદગી હળીમળી ગુજારતાં;

૧ પોકારીને. ૨ જેનો જોટો નહીં તેવી. ૩ આખી પૃથ્વીપર.
૪ મેમાન જેમને વહાલાં છે તેવાં.

મીઠાશ જીભની, અમીરી દિલની વસેલ જ્યાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
અનેક ભાટ ચારણો ફકીર તેમ માગણો;
ભિખારી સાધુ બ્રાહ્મણો તણો જહાં અછો[1] ઘણો;
દરિદ્ર તોય છે દયાળુ દેશ જાણી તે વસ્યાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
અનેક વીર્યવાન વીર જ્યાં ઘુમેલ શૌર્યથી;
પરાક્રમોની નોંધ ઇતિહાસમાં બધી લખી;
સ્વતંત્ર જ્યાં અનેક રાજ આજ છે હયાતિમાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
મનોહરા પ્રિયંવદા વિલાસી અંગના વસે;
સમાન તેમની ન સ્નેહ સ્વામીનો કહીં હશે;
ધરે છ ઝુમણુંજ ઝાલ કાંબી જોડ ઓપતાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
અહીંજ નારી જાતિ " બાજરી " બન્યો છ " બાજરો; "
કઠોળ શેરડી તણુંય છે ભરેલ ખેતરો;
ત્વરિત વેગવાન અશ્વ પાણીદાર પાકતા;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
પીયૂષ સ્વાદ કાવ્યનો ચખાડનાર દેશ આ;

---

૧ ત્રાસ, પીડા.

અહા ! વિશાળ ખાણુ રાગ રાગણીજ આ;
કવિત્વ દેવી ભારતી વસ્યાં છ ઠીક વાસ જ્યાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
પ્રભાસ દ્વારિકા રહેલ મુખ્ય તીર્થરાજ જ્યાં;
વળી અનેરૂં ભાલ માંહી ભીમનાથ ધામ જ્યાં;
નજીક જીર્ણદુર્ગ ગિરિરાજ ગિરનાર જ્યાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
સુદામ ને નૃસિંહ ભક્તરાજ જન્મ જ્યાં થયા;
ત્યજીજ રાજસ્થાન[1] આંહી આવીને મીરાં રહ્યાં;
અનેક ભક્ત જન્મથી વસેલ જ્યાં પવિત્રતા;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
ત્યજીજ જન્મભૂમિ કૃષ્ણ દ્વારિકા ઠરી વસ્યા;
પ્રભાસ ક્ષેત્રમાં સમાધિ સાધતા વળી રહ્યા;
શ્રીકૃષ્ણપાદથી ભૂષિત ભૂમિ છે પવિત્ર આ;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !
ભલે ગરીબ ને દરિદ્ર દેશ આજ તે દિસે;
તથાપિ ઉચ્ચ ભાવના ન દિલથી હજુ ખસે;
ભવિષ્યમાં પ્રકાશશે કદીય પૂર્ણ જોસમાં;
સુરમ્ય ભૂમિ સોરઠી અનન્ય છે દિગન્તમાં !

---

૧ મેવાડનો મુલક.

શિવાલયની આદ્યંત ઐતિહાસિક કથા.

સોરઠા.

એવો સોરઠ દેશ, ભાંગ્યું ત્હોય ભરૂચ છે!
ના જૂઠું લવલેશ, છે ભુખ્યાનો માળવો!
તીર્થોનો ભંડાર, દેવ તણો દરબાર છે!
જેમ ગગનમાં ભાણુ, ભૂમંડળમાં તેમ તે!

ઉપજાતી.

એ ભૂમિનો ભાગ રસાળ સારો,
આધીન જે ગાયકવાડને છે;
પ્રખ્યાત જૂનું તહીં શોભિતું છે;
પવિત્ર કૈં આલય શિવ કેરૂં.

સોરઠા.

" અમરેલી " એ પ્રાંત, ગાયકવાડી રાજમાં,
જે છે સૌથી શાંત, તે સૌરાષ્ટ્રે આવીયો.
તાલુકાનું ગામ, " દામનગર " તે માંહી છે,
જેની પાસે ધામ, દક્ષિણ દિશામાં રહ્યું.

ઉપજાતી.

તે ધામની આદિથી અંત સુધી,
માંડી કહું વાત બધી પુરાણી;

જે સાંભળે કેવળ શુદ્ધ ચિત્તે,
પાપો તણો સંઘ સહુ ટળે છે.

મંદાક્રાંતા.

હૂતી ત્યાં તો નિબિડજ ઘણી મોટી ઝાડી અગાડી,
રે'તાં'તાં જ્યાં વનચર પશુ સુખથી બ્હીક છાંડી;
મધ્યાન્હે એ દિનકર તણાં કિર્ણ ભેદી શકે ના,
એવું ગાઢું તિમિર વસતું શાંતિના સ્થાનમાં ત્યાં.
દૈવેચ્છાથી તહીં જઇ ચઢ્યા આદ્ય[1] ઋષિ અગસ્ત્ય,
સ્નેહેથી ત્યાં પ્રથમ વર્સોયા વાત એવીજ સત્ય;
જ્યાં વર્ષો રહી તપ કર્યું સ્વસ્થ ચિત્તે કરીને;
સ્થાપ્યું આપે તહીં અવનવું દેવનું સ્થાન પ્રીતે.
શીલા મ્હોટી નિરખી મનમાં કાંઈ વિચાર લાવી,
કોરી કાઢી ત્રિપુરહરની મૂર્તિ કો ચિત્ત ભાવી;
સ્થાપી પોતે વિધિ સહિત જે છે વિશાળી અખંડ,
અદ્યાપિ એ અદભુત ઘણી શોભતી ને પ્રચંડ.

અનુષ્ટુપ.

સ્થપાયા યુગ ત્રેતામાં, કુંભજન્મા ઋષિ થકી,
વિસ્તર્યું વિશ્વમાં નામ, "કુંભનાથ"જ ત્યારથી.

---

૧. પ્રાચીન.

રહીને કેક વર્ષો ત્યાં, ગયા ચાલી પછી ઋષિ.
વસ્તી તહીં થવા લાગી, ધીમે ધીમે મનુષ્યની.
બંધાયો નેસ[1] આજુમાં, "ધારેશ્વર" કરી વળી,
પ્રતિષ્ઠા ગ્રામદેવીની, કરી તે હજુ છે તહીં.
નેસ તો નાશ પામ્યો છે, પાછળથી વર્ષો જતાં;
ખંડિયેર સુતાં તેનાં, યાદી જુનીય આપતાં.

મંદાક્રાંતા.

કે'છે કે કો અવધુત હતો "લક્ષ્મણાનંદ" નામે,
આવ્યો યાત્રાટનજ કરતો, જે ઠર્યો તેજ ઠામે;
રે'તો તે ત્યાં પૂજન કરતો શિવનું ભક્તિ ભાવે,
દે'રૂં મ્હોટું તહીં નિરમવા રોજ ચિત્તે વિચારે.

અનુષ્ટુપ.

ચિંતવે ચિત્તમાં કોઇ, રૂડું કાર્યજ કો દિ,
યત્નથી સાધતાં કાળે, દેવેચ્છાથી ફળે નકી.
હોય છે ભાવિ છુપાયું, કાળને પડદે રહી,
ઘટિકા આવતાં ત્હેની, પ્રકટે પૂર્ણપણે સહી.
દ્વારિકાંદિશ જાતાં કૈં, રાણો મેવાડનો ધણી,
મીરાંની સાસુનો જાયો, કુંભો જાય તહાં થકી.

૧. ન્હાનું ગામડું.

લક્ષ્મણાનંદ આવે ત્યાં, રોકયો રાણોજ રીજવી,
વિનવ્યો રાય કુંભો કે, 'કુંભનાથ' વસે અહીં.
આપનું નામ જે છે તે, દેવનું પણ એ સહી;
નામની નામના રાખો, કરાવો ધામ તો અહીં."
સુણીને વાત બાવાની, રીજ્યો રાય અતિઘણું;
ભાવથી ત્યાંહી બંધાવ્યું, દેરૂં તો શિવજીતણું.
પોણોસો પર ચૌદસે, સાલ વિક્રમની હતી;
કાકતાલીય[1] જેવી આ, વાત જે વર્ષમાં બની.

સોરઠા.

એવા એ અવધૂત, ને કુંભો રાણો વળી,
લઇ કીર્તિ લખલૂટ, પંથે પોતાને પળ્યા.
એ અરસામાં એક, ધામ કને નજદીકમાં,
બંધાયો'તો નેસ, "સભાડ" નામે ન્હાનકો.
ત્યાર પછી એ ધામ, પર કયા કયા રાજા થયા,
કહું છ તેહનાં નામ, આજ સુધી આદિ થકી.

મનહર.

ઘણા કાળ પ્હેલાં હતું ધામ આ "હઠીલા" હેઠ,

૧ કાગનું બેસવું ને તાડનુ પડવું એવી.

ગોહિલ ઠાકોર તેને ભાવ થકી પૂજતા.
હઠીલાનો નાશ થતાં, લાઠી દરબાર જેહ,
અતિશય માન થકી, ઇશ તેને માનતા.
સંવત સત્તરસેંને અઠયાશીની સાલ મહીં,
લાઠી દરબારે કંઈ કન્યાદાન આપતાં,
દીધાં દસ ગામ મળી "સભાડ"ના નેસ સાથે,
ગુર્જર નરેશ દામાજીને મન ભાવતાં.

વસંતતિલકા.

એ રીત લાઠી દરબાર થકી પુરાણું,
એ ધામ ગુર્જર નરેશ તણું ગણાણું.
એ દિનથી મટી "સભાડ" બન્યું પનોતું,
"દામાજીના નગર[1]" નામથી શે'ર મ્હોટું.

સોરઠો.

ત્યાં સુધી તે ઠામ, કુંભાનું દેવળ હતું;
પાછળથી રમખાણ, કહું છ ત્યાં કેવું બન્યું.

મનહર.

સંવત અઢારસેં ને છપ્પનની સાલ માંહી,
થયું કાંઈ વાવાઝોડું અચાનક કારમું.

---

૧. દામનગર.

મુશળની ધાર પેઠે પડયો વરસાદ અતિ,
કડાકા ભડાકા કરી તોફાન મચાવીયું.
દેવળની ટોચ પર આથડી પડતાં વીજ,
ઉડી પડયું શિખર ને દેવળ તુટી ગયું.
પુરેપુરાં શત વર્ષ એવું જ એ પડી રહ્યું,
હાલની સ્થિતિ એ કેમ પ્હોંચ્યું તે હવે કહું.

સોરઠા.

ઓગણીસે છપ્પન, વર્ષે વર્ષ્યો કેર બહુ !
ના વર્ષ્યો પર્જન્ય[1] ! રસકસ પણ ઉઠી ગયો !
પડયો કારમો કાળ, અતિ ભયંકર આકરો !
જનના મનમાં ફાળ, " જીવીશું શી રીતથી ? "

ત્હારે ધાયો વીર, વડોદરાનો રાજીયો !
ભાગી સૌની ભીડ, રોજી આપી લોકને !
બંધાયું છે ધામ, તે વર્ષે પાછું ફરી,
ગરીબ ને ધનવાન, સૌની સરખી સ્હાયથી.

વસંતતિલકા.

સૌએ મળી કર્યું હતું કંઇ ફંડ[2] મ્હોટું,
જેમાં મળી રકમ કાંઇક શેઠીયાની,

---

૧. વરસાદ. ૨. ઉઘરાણું.

નાણાં તણી મદદ રાજતિજોરીમાંથી,
પ્હોંચી હતી પુનિત[1] કાર્ય મહીં વળી કૈં.

દોહરા.

નાણાં એમ મળ્યાં થકી, રંક બહુ જીવંત;
જીર્ણોદ્ધાર થયો વળી, સૌનાં હરખ્યાં મંન.

વ્હેણુ નદીનું ફેરવ્યું, ગોળાકારે ત્યાંહ્ય;
બાંધ્યું સરોવર રૂડલું, નિર્મળ જળ છે જ્યાંહ્ય.

બાગ બનાવ્યો ન્હાનકો ફૂલછોડ ઉછરાય;
વળી ધર્મશાળા કરી, પથિક વિસામો ખાય.

કરી સડક સીધી તહીં, નગર સુધી લંબાય;
બે બાજુ વૃક્ષો તણાં ઝુંડ બહુ શોભાય.

છપ્પનીયાના કાળમાં, થયું છ મ્હોટું કામ;
યુગ યુગ એ ટકશે હવે, સરસ થયું છે ધામ.

સ્થળવર્ણન—શિવાલય.

ચોપાઇ.

રચના ને શોભા તે તણી, કહું છ હાવે કેવી બની,
સઘળું કે'તાં નાવે પાર, માટે લખીયો ટુંકો સાર.

1. પવિત્ર.

ન્હાનકડી સુંદર ટેકરી, સપાટ જે ઉપરથી ખરી,
તે પર છે આવ્યું આ ધામ, ફરતાં ચોપાસે છે ગામ.
ગગન પ્હોંચતા શિખર પરે ધ્વજા જોરથી છે ફડફડે,
આલાબલા ગામોની ખરે, તછોડી શું દૂરજ કરે !
ધ્વજાસ્થંભને વળી વિશેષ, બાંધી ઘંટડી ન્હાની એક,
પવનલહુરીએ જે ખડખડે, કર્ણમનોહર નાદજ કરે.
હેમ કળશ છે શિખર પરે, સૂર્યકિર્ણથી જે જળહુળે,
અવર સૂર્ય એ તે શું હશે ! ભાસ દૂરથી એવો થશે.
આકાશે શિખર જઇ અડે, જનના મનમાં શંકા પડે,
હશે ટોચ શું સ્વર્ગે અડી ! સ્વર્ગ તણી સીડી કે ખડી !
જોતાં ઘુમટ દૂરે થકી, વિમાન જેવું લાગે નકી,
જે જન તેનાં દર્શન કરે, તેને નિશ્ચે સ્વર્ગજ મળે.
ચોક પ્રથમ જે દેવળ તણો, સુંદર આરસથી છે જડયો,
બીલી પુષ્પતો પુંજજ ત્યાંહ, પડીયો એક જ બાજુ માંહ.
એક ખુણે ઓરસીયો જડયો, સુખડનો કટકો પણ પડયો;
ઘોડી પર સ્હામું છે પડયું, ત્રાંબાનુ ત્રંબાળુ વડું[1]
વચ્ચે સ્થાપન વૃષભતણું, શ્યામ કૂર્મ તે આગે આણું;
વાયુપુત્ર ને વળી ગણેશ, સ્હામા સ્હામી બેઠા બેશ[2]

---

૧ મોટું. ૨ ઠીક.

આડે સળીએ સાંકળ જડી, છેડે બાંધી ઘંટા વડી,
જેનો નાદ મનોહર થાય, અતિ દૂર પણ તે સંભળાય.
ઉંચે ખુબી વળી વિશેષ, કુશળ ચિતારે કરી દિસેછ;
પુરાણમાં વર્ણન જે કથ્યાં, આબેહુબ તહીં તે લખ્યાં.
કોણ કદી ત્યાં આવ્યું હતું, ક્યાનું તે રેવાશી હતું,
તે ચોબાજુ ભીંતો પરે, લખ્યું કોલસે મુસાફરે.

ઉપેન્દ્રવજા

પવિત્ર સર્વેથી વિશેષ જે છે,
રહસ્ય જ્યાં ગાઢ વળી ભર્યું છે,
ત્રિનેત્ર સાક્ષાત વસે સ્થળે જે,
દ્વિતીય તે ભાગ જ ધામનો છે.
રૂપેરી ઉંચી દ્વય દીપિકામાં,
અખંડ દીપો ઘૃતથી બળે છે,
સુપુષ્પ ને ચંદનની સુવાસે,
અધિક આહ્લાદ તહીં મળે છે.
અહીં તહીં ને સઘળે સ્થળે ત્યાં,
પડેલ છે આસન દર્ભ કેરાં;
ભૂદેવ આવી બહુ ભાવ લાવી,

---

૧૩ અમૃતાંજન ડીપોનો ટુથ પાઉડર દાંતને સાફ કરે છે લોહી વહેતું અટકાવે છે મજબુત કરે છે સ્વાદમાં સુંદર છે. દરેક શીશીના બે આના ડઝનનો રૂ. ૧–૨–૦

તહીં વિરાજી શિવને ભજે છે.
ગિરીશસૂતા[1] જગધાત્રી[2] દેવી,
સુરમ્ય ગોખે તહીં શોભિતાં છે;
પ્રચંડ ને ભવ્ય વળી પુરાણું,
પવિત્ર ત્યાં લિંગ વિરાજતું છે.
અનેક જન્માંતરમાં કરેલાં,
અપાર પાપોય કુકર્મ તેવાં,
લગીર આ દેવ સમક્ષ થાતાં,
સમૂળગાં સર્વ નકી ટળે છે.
જુદાં જુદાં બાર સ્વરૂપ ધારી,
પ્રસિદ્ધ જે ભારતવર્ષમાં છે,
તહીં અહીં ને સઘળે વસે જે,
ન અન્ય, તે શંકર એક આ છે !

માલિની.

સતત શ્વશુર ગેહે, યોગ્ય રે'વું ન ધારી,
પ્રતિદિન હિમનો એ ત્રાસ ભારી વિચારી,

૧ પાર્વતી. ૨ જગની મા.

વળી અતિશય જુનું ધામ કૈલાસ. ભાળી,
શિવજી અહીં વસ્યા છે, સર્વ તે દે વિસારી.

સ્થળ વર્ણન—પ્રભાતનો આનંદ.

શિખરિણી.

અહા ! સ્હામે ઉષા મધુર મધુરૂં નૃત્ય જ કરે,
વળી રાતા રંગે સલજ કિરણે મોદ જ ભરે;
પણે પેલો આવે અરૂણ રથ હાંકી હરિ[1] તણો,
પ્રબોધે લોકોને "દિનપતિ પધારે જન અહો !"
અહીં આ ઉદ્યાને નવિન ફુલડાં ખૂબ જ ખીલ્યાં;
જહીં ભોળા પ્રેમી મધુકર તણાં વૃંદજ મળ્યાં;
અહા ! કેવો મંદો પરિમલ બધે છે પ્રસરતો,
અહીં ચારે બાજુ અનુપમ જ આહ્‌લાદ ભરતો !
તળાવે વિશાળે અમૃત સમ વારિ બહુ ભર્યું;
ભુરાં ધોળાં ખીલ્યાં કમળ રૂડલાં એ મન હર્યું;
ફરે નાચે કુદે જલચર જીવો જ્યાં અતિ ઘણાં;
તરે દોડે જોડે ચપળ શફરી[2] તેમ બાતકાં.
નદી ન્હાની આંહી ખળખળ કરંતી પણ વહે;
વનિતાનાં વૃંદો મધુરતર વાતો જહીં કરે.

---

૧ સૂર્ય. ૨ માછલી.

નહાએ કો હોશે સરખી સજનીમાં હળીમળી;
ધુવે કો વસ્ત્રોને તટપર સુકાવે કંઇ વળી.
ફરે છે સ્વચ્છંદે નહીં તટપરે આ કુંજલડાં;[1]
વળી આ આકાશે કલ કલ કરંતાં બક ઉડયાં;
ચઢીને વૃક્ષે આ મયુરવર કેકારવ કરે;
પણે સ્હામી બાજુ પથિકજન તો પંથજ પળે,
જરા લાંબે પેલું જગમગ થતું શહેર નિરખું;
વસે જ્યાં શ્રીમંતો "વસુનગર[2]" તેથીજ પરખ્યું;
અહા! કેવાં શોભે ગગન અડતાં ધામ સઘળાં!
રખે હોયે પુરી[3] ધનપતિ તણી એ ઝળહળાં!
હશે શું બીજું આ ત્રિપુરહરનું આલય[4] અહીં!
વહે છે શું ગંગા દ્વિતીય રૂપમાં આંહી જ વળી!
અહા શું આ બીજું સરસ સર કે માનસ હશે!
બધું સાચું દીસે શિવજી જાઇ જ્યાં વાસજ વસે.
પહેરી પાદુકા ધવલ પરિધાનો વળી ધરી,
શરીરે ને ભાલે મલયજ[5] ત્રિપુંડો બહુ કરી,
ધરી કંઠે માળા, પરમ પ્રીતથી પુસ્તક ગ્રહી,
પધારે ભૂદેવો નગર ભણીથી આલય ભણી.

૧ કુંજડાં. ૨ વસુ એટલે દામ ને તે પરથી દામનગર. ૩ અલકા
૪ કૈલાસ. ૫ સુખડ.

સ્વભાવવર્ણન—મધ્યાન્હની મજા.

હરિગીત.

અતિશય તપે ભાનુ જ્યારે બરાબર ગ્રીષ્મમાં;
ધરણી તપતી ને લુ વાયે ઉની સહુ દિશમાં;
તદપિ અહીં તો શીળી છાયા તરૂવરની ભલી;
સમિર લહરી ઠંડી આવે હિમાલયની સમી.
બહુજ દુરથી ચાલી આવી પથિકજનો સહુ,
અહીં વિરમતાં પીવા પાણી મીઠું ઝરણાં તણું;
અતિ હરખથી બેસે સાથે શીળી તરૂછાંયમાં;
લગીર લઇને નિદ્રા મીઠી ચળે નિજ પંથમાં.
નિજ નિજ લઇ ગોવૃંદોને મળે સહુ ગોપ ત્યાં;
જમીન પર તે સુઈ સ્હેજે તજે સહુ થાક જ્યાં;
હળી મળી વળી ભાતાં ખાતા પરસ્પર સાથમાં;
રમત રમતા કુંકી કેરી કદિ કદિ મોજમાં,
અતિશય વળી ઉલ્લાસેથી લઈ નિજ બંસરી,
મધુર સુરથી આલાપે કો અલોકિક રાગણી;
સુણતું ઘણુ તે ગાયો કેરૂં સમાધિ લઈ જતું;
સુરજ નમતાં ઠાઢે ત્હારે સહુ અહીંથી જતું.

વન વન ફરી થાકી પાકી તૃષિત બની બહુ,
હરિણી વળતાં શાંતિ લેવા અનુપમ ત્યાં સહુ.
ચસચસ પીઈ ઠંડું પાણી ફરે તરૂકુંજમાં,
અવની પર કો આળોટે; ને રમેછ રમુંજમાં.

સ્થળવર્ણન–સાંજનું સૌંદર્ય.

માલિની.

શિશિર તણી રૂપાળી, સાંજ જો આંડી ગાળી,
કુદરત તણી શોભા, હમો અનેરી નિહાળી.
અધિક ધુળ ઉડાડી ગોપ સાથે અગાડી,
નગર મહીં પ્રવેશે, ગાયનું વૃંદ[1] દોડી.
નિજ નિજ મન માની, કાંઇ ચીજો ખરીદી,
બળી શિશુ સમજાવા ઓટી મીઠાઈ લેઈ,
અધિક ઉલટ ઘેલા; [1]હોંચવા ઘેર વ્હેલાં,
વસુનગર ભણીથી, લોક એ જાય પેલા.
ચપળ ચકલી હોલાં કાબરો ને કપોતાં
મધુર વદતી મેનાં કાગ ને શૂક લીલા,

1. ઘણું

બહુજ દુર ફરીને, થાકી ઉડી ઉડીને,
તરૂ પર જઇ બેસે, સર્વ ત્યાં રાત રે' છે.
હરિત વળી સુંવાળા, ઘાસના બાંધી પુળા,
ધરી શિર પર ભારા, જાય છે ખેડુબાળા.
અભિત બળદ હાંકી, ખેડુતો થાકી પાકી,
મલિન બહુ શરીરે, હોંશથી જાય ઘેરે.
રવિરૂપ થઇ રાતું, નીચું નીચું જ જાતું,
જરી જરી જઇ અંતે, પશ્ચિમે છે સમાતું;
ઝગક ઝગક થાયે, ઝુમખાં તારલાનાં,
ગગનપથ સમી આ શ્વેત જો વ્યોમગંગા.
શિતળ કિરણ વાળો, ચંદ્ર પેલો રૂપાળો,
ઉદય થઇ હવે તો, પૂર્ણ તેજસ્વી ભાળ્યો;
ધવલ ધરણી દીસે, દૂધથી ધોઇ તેવી,
રજતરસ[1] વતી વા, હોય જેવી છવાઇ.
સરસ સમીર જ્યારે, ગામ બાજુથી આવે,
પ્રચુરતર અહીં તે, નાદ મંજુલ[2] લાવે;
મળી દશ વિશ લોકો, ગામ ગપ્પાં ચલાવે,

૧ રૂપાનો રસ. ૨ કર્ણપ્રિય.

ખડ ખડ હસતા કે, તેમનો સાદ આવે.
દિવસ ભર વિછુટાં, હોઇ અત્યંત ભુખ્યાં,
વળી નજર અગાડી, માત દોવાતી ભાળી,
પ્રસરે ભુમ પશુની, ગોપના નેસ[1] માંહી;
પવન લહરી સાથે, આવતી તેહ આંહી.
કરી નિજ ઘર કામો, સર્વ લે છે વિસામો;
વળી મળી વહુ બાળા, ગીત ગાયે રૂપાળાં;
કર કર દઇ તાળી, હીંસ[2] લે કેડ વાળી,
પ્રહર રજની જાતાં, આહીંથી તે સુણાતાં.
લગીર લગીર પેલા, દીપ દૂરે જણાયે,
તહીં અતિ રસવાળી, શેરડી છે પિલાયે;
મધુરતર મજાનો, ગોળ ત્યાંહી કરાએ;
મચી ગરબડ તેની, આંહી સુધી સુણાયે.

સ્થળવર્ણન—વર્ષાઋતુમાં દેવીપૂજા.

હરિગીત.

વરસાદ પડતાં જોર વાધે મંદ વ્હેતી નદી તણું;
શું હોય લીધી વારૂણી, કે ભેટવા મન ભાવ શું ?

---

૧ જોક. ઢોર રાખવાનો નાનો વાડો. ૨ ગીતનો એક તાલ છે.

મનથી ચહે શું સ્પર્શ કરવા પાદ શ્રી શંકર તણા !
મદભરી ઘેલી ચાલતી જ્યમ માનિની અભિસારકા[1]
ઘુઘવતી સરિતા વહે જો જોરથી કાંઠા ભરી,
તો બેટ જેવું થઇ રહે આ સ્થાન શંકરનુ કદી;
ત્યાં ભક્ત જન આવી શકે ના પૂર ઉલ્લંઘી ઘણું,
તો નદી જઈ ન્હવરાવતી; ને રીજતા શંકર ઘણું.
તે વેળ થાયે દેવીપૂજાઃ ઈંદ્ર પૂજારી બને;
ત્રંબાળુ ગાજે મેઘનું; ને કલાપી નાચે કને;
વળી વીજ કરતી આરતી; ને વાયુ ચમરી વાય છે,
પુષ્પો લઇ ઉદ્યાનમાંથી વેરતો વહી જાય છે.

સ્થળવર્ણન—શિવરાત્રીનો મેળો.

હરિગીત.

બહુ પર્વ આવે વર્ષમાં, પણ પર્વ શિવરાત્રિ તણું,
સહુ ગ્રામ્યજન[2] ઉલ્લાસમાં, આનંદથી ઉજવે ઘણું;
તે દિન જન સહુ વર્ણના, ત્યજીનેજ નૈત્યિક કર્મને
કરી સ્નાન પ્રાતઃ કાળમાં સંભાળતા નિજ ધર્મને.
કો ધ્યાન શંકરનું ધરે; કો માલીકા લઇ ફેરવે;

૧ પતિને મળવા જતી સ્ત્રી. ૨ ગામડીયા.

કો ગીત ગાયે દેવનાં; તો શ્રવણ કોઇ કથા કરે;
કો ભક્ત ભાવ થકી પ્રભુની પ્રીતથી પૂજા કરે;
કો ગ્રામ્યજન ભોળાં મળીને દેવનાં દર્શન કરે.
ધરી દેવને કંઇ થાળ સર્વે લે પ્રસાદી તે પછી,
સંતોષ પામે કંદ કે ફળ મૂળ આરોગ્યા થકી.
પરવારીને આ કાર્યથી તૈયારી ભારે તે કરે,
કુંભનાથ કેરા ધામ જાવા હર્ષ ઉર માંહી ધરે.
પુરૂષો સહુ ઉલ્લાસથી વસ્ત્રો ધરી મન ભાવતાં;
થઇ સ્વાર કો અશ્વો પરે, કે ચાલતા કો આવતા.
શ્રીમંત આવે ગાડીમાં, ભભકાભર્યા પોશાકમાં,
તો રંક ઝાઝા ભાવથી, પણ આવતાં સાદાઇમાં.
અધિકો દિસે આનંદ એથી સ્ત્રીજનોના સાથમાં,
આભૂષણો અંગે ધરી, વસ્ત્રો ધરી દિલ ભાવતાં,
મધુરા મનોહર કંઠથી કંઇ ગીતડાં લલકારતાં;
ચોમેર સઘળી દિશાથી સ્ત્રીવૃંદ ઝાઝાં આવતાં.
એ રીત ન્હાનાં ગામડાં ભોળાં જનોથી જે ભર્યાં,
દશ ગાઉ ફરતાં ધામથી જે આ પ્રદેશે છે ઠર્યાં,
ઉભરાય છે આનંદથી ઉર પ્રીત લાવીને ઘણી,

જ્યમ તીડટોળાં ઉઠતાં ત્યમ આવતાં આલય ભણી.
તલ માત્ર પણ ખાલી જગા ના; ઉભું તો રે'વાય ના,
તેથી ધીમે સહુ સાથમાં એ ભીડમાંથી ચાલતાં,
લઇ દંડ વચમાં શ્યામવર્ણા[1] રાજસેવક[2] મ્હાલતા,
વિણુ કારણે એ ગ્રામ્યજન તેઓ થકી બ્હીતાં ઘણાં.
છે એક બાજુ હાર લાંબી સર્વ વ્યાપારી તણી;
જે વેચતા મીઠાઇ મેવા તેમ ચીજ નવી ઘણી;
કરમાં ગ્રહી નિજ બાળને તે ગ્રામ્યજન દર્શાવતાં,
કો વ્હોરતાં મન ભાવતું; કો જોઇને મન વાળતાં.
બહુ ત્યાં મચાવે ધુન બાજુ એક સાધુ મંડળી,
જે બાળકો વૃદ્ધો યુવા[3] ને સ્ત્રીતણી તો છે બની.
કરતાલ તંબુરો મજીરાં ને મૃદંગ બજાવતાં,
સહુ સાથમાં મ્હોટે સ્વરે ભજનો બહુ આલાપતાં.
અતિ હર્ષથી યુવતીજનોનું વૃંદ ગાયે રાસડા,
જ્યાં કંકણો પગ ઝાંઝરી ને કંઠ વાજીંત્રો બન્ય!
મરજી ભલે વાજીંત્ર સાથે "ચીજ[4]" ઉસ્તાદી કહે,
પણ સ્ત્રીજનોનાં કંઠ આગળ તે બધું પાણી ભરે.

૧ કાળા ડ્રેસવાળા. ૨ પોલીસના સિપાઇઓ. ૩ જુવાન છોકરા.
૪ ઉસ્તાદી ગાયન.

કો ખેલ ખેલે જૂજવા; કો લ્હેરમાં સ્હેજે ફરે;
હસવીશ કો મિત્રો મળી, કંઈ હાસ્ય વિનોદો કરે;
કુક્કડ બની કો કૂકડા કંઈ ચાલ અક્કડ ચાલતા,
નિજ મિત્રને કાને કહી કંઇ વાત મુખ મલકાવતા.
કો કરે કુસ્તી; ને વળી કો હોડ પણ કોડે કરે,
તરી પાર સ્હામે તીર જાવા કો તળાવ મહીં પડે;
દોડાવતા કો અશ્વ જોડે; કો નિશાનો તાકતા;
કો વાળતા કાંડાં બળેથી; કો ફલંગો મારતા.
બળવાન ને યુવાન ભૂમી સોરઠીની નૂર[1] જે,
મળી આ પ્રમાણે માપતા નિજ શક્તિ, હોતા શૂર જે;
આલય મહીં તો બ્રાહ્મણોનું જૂથ પૂજે શિવને,
બહુ ઠાઠ તેમ દમામ સાથે તે વળી પાઠો ભણે.

માલિની.

ફરી ફરી લઇ લ્હાવો, આમ મેળા તણો જે,
હળી મળી લઇ હેતે, ત્યાંહી સ્નેહી જનોને.
વળી પરમ પ્રીતેથી, શિવજીને નમીને,
નિજ નિજ ગૃહ દિશે, સર્વ પાછાં ફરે છે.

---

1 નૂરરૂપ.

સંધ્યા–આરતી.

વસંતતિલકા.

ભાનુ પ્રભાત જ થતાં જવ છે પ્રકાશે,
સંધ્યા સમે ફરીં ફરી જવ અસ્ત થાશે,
તે બેઉ વેળ જ અતીત તહીં વસે જે,
આરાત્રિકા શિવ તણી પ્રીતથી કરે છે.
"બં બં" પુકારીં લઈ દ્યે જબરા સપાટા,
સાંબી ગ્રહી ચલમ જોરથીં કાઢીં ગોટા;
આપે પછી પ્રીતથીં અન્યજ ગ્રાહકોને,
ન્હાવા પળે તુરત આરતી માટ પોતે.
ન્હાયા પછી બહુજ ભસ્મ લગાવીં અંગે,
ડાઢી અને શિરજ કેશ સમારીં રંગે!
માળા તણો અધિક ભાર ભરી ગળામાં,
બાવાજી જાય હળવે પછી ધામ ન્હામા.
પ્રક્ષાલને પ્રથમ સ્વચ્છ કરી બધેથી,
પૂજા કરે વિધિ સહીત પછી પ્રીતેથી;
પંચામૃતો ત્યમજ અર્ઘ્ય દીયેછ ઝાઝાં;
પૂજે લઈ અગર ચંદન પુષ્પ તાજાં.
દીપી રહે ઝળહળી બહુ દીપ જાજા,

વાગેછ શંખ બહુ ઝાલરી તેમ વાજાં;
ઘંટા વળી મધુર નાદ બહુ કરે છે;
ત્રંબાળુ દુંદભી સમુ ગરજી રહ્યું છે.
લેઇ છડી કર વિષે છડીદાર ઉભો,
પોકારતો પ્રણયથી તહીં નેકી તે તો;
બે બાજુ લેઇ ચમરી જન બેય ઉભા,
ઢોળાય વાયુ હળવે વળી દેવને ત્યાં.
બાવાજી લેઇ કરમાં વડી આરતી ને,
ઉતારતા લળી લળી વળી દેવને તે;
ઘેરો અને ઘરઘરો કંઇ સાદ કાઢી,
આલાપતા અટપટી કંઇ દેવ સ્તુતિ.
ભૂદેવ ખૂબ ભણતા તહીં સ્તોત્ર રૂડાં;
શ્રદ્ધા થકી પ્રણમતા જન દેવને ત્યાં;
હર્ષાશ્રુ તો નયનથી ટપકી રહેતાં;
દેવાધિદેવ વિનવે સહુ ભાવથી ત્યાં.

शिवस्तुति.

શિખરિણી.

અમે બાળાં ભોળાં, હૃદય જડ જેવાં અમતણાં,
વળી કાલાં ઘેલાં, અગણીત ભુલોથી પણ ભર્યાં;

ગણી ત્હોએ ત્હારાં, નવ કરીશ ન્યારાં તુજ થકી,
અમારી એ આશા, નવ કર નિરાશા ઉર ધરી;
જહીં બ્હાના મ્હોટા, સકળ સુર કેરાં શિર નમે,
વિરંચિ વિષ્ણુના, શિર મુકુટ જ્યાંહી જઇ અડે;
કૃપાળુ ! એ ત્હારાં ચરણુ શરણું છે અમતણું,
અમે એથી મ્હોટું, ત્રિભુવન મહીં ના કંઈ ગણ્યું.
અસત્યોમાં રૂચિ અમ દિલ તણી ના કદિ થજો;
વળી સ્પર્ધા કેરી વિષમ વિષજ્વાલા દુર હજો;
કુકર્મો સેવ્યાની, વિપરિત મતિ એ નવ થજો;
પ્રપંચો ખોટાથી, અમ હૃદય આઘાં નિત્ય હજો.
કુછંદો કલેશો કે કલહ અમને ના પ્રિય હજો;
સદા સંપી રે'વા, સહુ જન મળીને શિખવજો;
સુનીતિ રીતિથી, કદિ સ્ખલન સ્વપ્ને નવ થજો;
ઠગારી તૃષ્ણા ને, અહમહમિકા[1] એ દુર હજો.
અમારા રસ્તાઓ, અતિ સરળ સીધા સટ હજો;
ન હોજો ત્યાં કાંટા; ભય ઠગ તણોએ નવ હજો;
વળી સારૂં સુખી, અમ જીવન મીઠું નિત્ય હજો;
વિભો ! ત્હારો વાસો, અમ હૃદયનાં મંદિર હજો.

૧ અહંપદ—હુંપદ.

ચુવાની ધંધામાં, સતત મથતાં તો વહી જજો;
અને તેથી કાંઇ, બરકત[1] અમોને પણ થજો,
અમારા આનંદો સકળજનહિતાવહ હજો;
સદા એ શાંતિમાં, અમ જીવન વ્હેણો વહી જજો.
અમારાં સંતાનો, કદિ વિપથગામી નવ થજો;
સ્વદેશાભિમાની, સ્વજન હિત રાગી ત્યમ થજો;
જરાવસ્થા માંહીં, અમ હૃદય શાંતિપ્રિય થજો.
અને છેલ્લા શ્વાસો, તુજ સ્મરણ માંહી લય થજો.

અનુષ્ટુપ.

કરીને સ્તુતિ આ સાદી, પ્રણામો સહુ તે કરે;
પછીથી દેવની પ્રીતે, પ્રદક્ષિણા વળી ફરે.
ફરીથી શિર નામીને, શ્રદ્ધા પૂર્ણ જનો સહુ;
ત્યાંહીથી ઘેર જાયે છે, રીત આ નિત્યની કહું.
દેવના દેવ એ ભોળા, મહાદેવ દયા કરી,
પુરતા સર્વની આશા, જેણે જે દિલમાં ધરી.
દેવ એ ઇષ્ટ મ્હારાને, વિનવું હું ફરી ફરી,
સદા એ ચર્ણમાં ત્હારાં, દ્રષ્ટિ મ્હારી રહો ઠરી.

૧ લાભ.

શૂરાભક્તને પ્રત્યક્ષ દર્શન.

માલિની.

વસુનગર[1] ભણીથી દક્ષિણાવર્ત જોતાં,
પ્રથમ નજર આવે દેવનાં ધામ મ્હોટાં;
તહીંથીં લગાૅર આઘે કુંજ છે વૃક્ષ કેરી,
સુભગ તહીં વસી છે "પાંડુશૃંગાખ્ય" પુરી.[2]

મંદાક્રાંતા.

એ ઠેકાણે પ્રથમ વસીયો "પાંડરી" નાગ મ્હોટો,
જેનો જોટો અવનીં પરથી શોધવો છેક ખોટો,
તેને નામે નગર વસાૅયું ત્યાં વસ્યા કાઠીં ધીંગા;[3]
કે'છે તેહને જન સહુ વળી હાલ તો "પાંડુશીંગા."
એ પુરીનું અધિક કરૂં જો ધ્યાન પ્રસ્તુત ભૂલી,
કોઈ કે'શે બહુ વરણવીં જાણીંને જન્મભૂમિ.
તેથી ટુંકું પતવીં કથતાં એટલું તો કહું કે,
ત્યાં બે મ્હોટા મણિ પ્રકટિયા "**શાસ્ત્રી**[4]" ને "**વૈદ્ય**[5]" રૂપે.
એ પુરીના અસલ વતની કાઠીં લોકો હતા જે,

---

૧ દામનગર. ૨ પાંડુ=નાગનું નામ છે+શૃંગ=ટેકરી+આખ્ય=કરીને+પુરી=ગામ. પાંડુ નામના નાગને રહેવાની ટેકરીપર વસેલું પાંડરશીંગા કરીને ગામ. ૩ જોરાવર. ૪ રામકૃષ્ણ હર્ષજી શાસ્ત્રી. ૫ રૂપજી મકનજી વૈદ્યરાજ.

પુરા હોતા ભડ વિર સમા થાંભલા ગામના તે;
તેના વંશે દીપક પ્રકટ્યા ભક્ત "શુરા" કરીને,
જેને ત્રુઠયા ત્રિભુવનપતિ કુંભના નાથ પ્રીતે.
શુરા ભક્તે કંઈ અનુભવ્યા જગતના રંગ ખોટા,
તેથી તેણે ગ્રહણ જ કર્યા ભક્તિના માર્ગ મ્હોટા.
ચાલુ કીધાં જનહિત તણાં કાર્ય ને સંતસેવા,
કાયા વાચ્યા મન પણ કર્યાં ચારકઃ ભક્ત એવા.
પોતાના તો ગૃહ તણો કરી છે વડી ધર્મશાળા,
જ્યાં હમેશાં પથિક જન કે સાધુ કેરા ઉતારા.
યાત્રાળુ ને બહુ ભટકતા ટેલીયા ભેખધારી,
તે સર્વેની અવર નવરે તો હતી ત્યાં પથારી.
રે'તાં ત્યાં કો દિવસ દસ, કે માસ બે માસ સુધી,
ને ચોમાંસે અધિક વસવા એથી એ છુટ હોતી.
ત્યાં નિરાંતે સહુ મળી કરે આપ વીતેલી વાતો;
આનંદેથી ભજન કરતાં વીતતી કૈક રાત્યો.
ભક્તે લીધું વ્રતજ કપરૂં અન્નનું દાન દેવા,
દેતા તેને સુરજ ઉગતાં જે ધરે હાથ લેવા;
એવી રીતે વખત વિતતાં ભક્તનો થ્યો[1] ભરાવો;
ભક્તે માન્યો નિજ જીવનનો એય મ્હોટોજ લ્હાવો.

---

૧ થયો.

અનુષ્ટુપ.

આંગણે ભક્તની મ્હોટી, સેવતાંજ જમાતને;
ભાવથી પૂજતાં નીત્યે, સાધુ સંત સમાજને.
ખર્ચતાં એમ કો કાળે, ખુટ્યું અન્ન કોઠારથી;
રાતમાં ભક્ત એકાંતે, વિમાસે કંઇ મનથી.
"ઝાડના છાંયડા પેઠે, દશા માણુસની ફરે;
તૃણનો મેરૂ ને રાજા રંકનો ઇશ તો કરે.
પરમાર્થ કર્યે જાતાં, વિઘ્ન તો અધિકાં નડે;
તદપિ શૂર ભક્તોનાં, ચિત્ત ના લગરી ડગે.
પ્રભાતે ઉઠીને જાશું, દામનગ્ર ભણી નકી;
મ્હેર જો શંભુદાદાની, ખોટ શી અન્નની પડી !"
મનસુબો કરી એવો, સુતા ભક્ત નિરાંતથી;
સાંભળી સ્વપ્નમાં પોતે, વાણી કો દુંદભી સમી.
"અરે ઓ ભક્ત શા માટે, ખેદ તું મનમાં ધરે !
ભક્તની લાજ છે વ્હાલી, ઈશને મન તો ખરે."

તોટક.

સુણતાં સુર વાણી ઉઠયા ઝબકી,
મન માંહી વિચાર કરે છ નકી,
"નહીં સ્વપ્ન; દિસે કંઈ આશિષ એ;

કંઈ લાભ અલૌકિક ભાવિ હુશે.
તિથિ આજ થઈ અગીઆરશ તે,
ઉપવાસી જ સાધુસમાજ હુશે;
પણ આવતી કાલ પ્રભાત વિષે,
વિણુ અન્ન સદાવ્રત ના ટકશે. "

દોહરા.

પછી પ્રભાતે નાહી ને, કરી દેવની સેવ;
શુદ્ધ દિલેથી ફેરવી, માળા જેવી ટેવ.
જાણુશ ભાવ તો લાવવા, વળી લાવવા અન્ન,
દામનગર પંથે પળ્યા, ભક્ત થઈજ પ્રસન્ન.

દ્રુતવિલંબિત.

લગાર શીમ ભણી જવ તે વળ્યા,
ગગન માંહી મળ્યાં બહુ વાદળાં;
સમિર શીતળ હીમ સમો વળી,
સુસવતો સહુ દિશ વળ્યો ફરી.

માલિની.

ગડ ગડ ગડ ગાજે, આભમાં મેઘ કાળા,
ઝમક ઝમક થાએ, વિજળીના ચ ચાળા,

સર સર સર આવે, જોરથી વારિધારા,
થર થર થર થાતા, ભક્ત જાયે છ ધીરા.
જયમ ત્યમ કરી આવ્યા કુંભના ધામ સુધી,
ડગલું તહીંથી જાજું, ચાલવા હામ ન્હોતી.
"ઘડિક વરશી પાછો, મેહ તો બંધ થાશે,
લગિર લઇ વિસામો આંહી આગે જવાશે."

અનુષ્ટુપ.

ચિત્તમાં ચિંતવી એવું, બેઠા ભક્ત નિરાંતથી;
પછીથી થાય ત્યાં કેવો, ચમત્કાર કહું કથી.
વિરમ્યો મેહ ના કાંઇ, ઉલટોજ વધી પડયો;
જોરથી દિન આખો તે, આંખો મીચીને પડયો.
ધામની બ્હાર આવીને, ભક્ત જ્યાં આંખ ફેરવે;
ખેતરે પાદરે જ્યાં ત્યાં, પાણી તો દૃષ્ટિએ પડે.
નદીનાં વ્હેણનાં પાણી, જોરથી જાય છે વહી;
પડે ના સુજ તો કાંઈ, હવે શું કરવું અહીં.
"માલિકે ધારી તે થાશે, આપણે રહીશું અહીં;
આશરો ત્હેમનો મ્હોટો, બીક ના કયાંઇ છે કહીં."
ધરીને દિલમાં એવું, બેઠા ભક્ત તહીં ઠરી,
પાઘડી માંહીથી માળા, કાઢીને કરમાં ગ્રહી.

દ્રુતવિલંબિત.

ઘનઘટા બહુ જામતી જાય છે;
તિમિર ગાઢું બધે પ્રસરાય છે;
લગિર દૂર શું થાય જણાય ના;
દિવસ કે રજની સમજાય ના.
ભગત માળ ગ્રહી કર ફેરવે;
શિવજીનું દૃઢ ધ્યાન ચિતે ધરે;
બહિર ચક્ષુ સહેજ ઢળી રહે;
હૃદય ચક્ષુ લગીર જ ઉઘડે.

ભુજંગ પ્રયાત.

તદા કાળ વિકાળ કો નાગ કાળો,
પ્રવેશ્યો તહીં ફેણ ધારી કરાળો;
ફરે આમ ને તેમ મારી ફુંફાડા,
કુદે ઉછળે ને કરે કાંઈ ચાળા.
કરી મુખ પ્હોળું ભણી ભક્ત આવે;
ચઢે શિર કે ડોક માંહી વિંટાયે;
ખટાટોપ એવો બહુ તે બતાવે;

તથાપિ કંઇ ભક્ત ચિત્તે ન લાવે.
કરીને ઘડી બે ઘડી દિલ ભાવ્યું,
ગયો સર્વ ત્યાંથી; નહીં કાંઇ ફાવ્યું;
કહીંથી, કશા કારણે, કેમ આવ્યો,
કરે ભક્ત તે ભાવતે આ વિચારો.
"ખરે એરૂ કે જાંજરૂ કો બિચારૂં,
બિજાતું હશે આવીચું થાકથું પાકયું;
અહીં કાંઇ ના તે તાણું મંન ભાવ્યું,
થયું ચાલતું તે હતું જેમ આવ્યું!"

અનુષ્ટુપ.

ઋતુ એ મેહુલો ચેલો, આભમાં ગગડે ઘણું;
અને છે એવું ને એવું, જોર તો વીજળી તણું.
ત્યજી ને ભક્ત વિચારો, શિવના લિંગની કને,
મુકીને પાઘડી હેઠી, ધ્યાન શંકરનું ધરે.

શાર્દૂલવિક્રીડિત.

તેવે તો કંઇ કાટકો કકડીને આકાશ માંહી થયો;
તે સાથે નજદીકમાં ગરજતો તેવો જ સાદે સુણ્યો;
વાળી ડોક લગીર તે દિશ ભણી જોવાની ઇચ્છા કરી,

ત્યાં તો વીજળીનો પ્રકાશ પડતાં ભક્તે દિઠો કેસરી.
હોતી આંખ કરાળ લાલ ધગતી બે અગ્નિકુંડો સમી;
ને લાંબી જીભ હોઠને અડકતી બાહાર આવી હતી;
પીળી દીર્ઘ ભરાઉ ગર્દન પરે રે કેશવાળી ઝુકી,
૧૨છેડાયલ હોય તેમ દિસતો સામો ઉભો ઘુરકી.
વિચારે મન માંહીં ભક્ત " નકી આ દિસે કંઇ કારમું,
ના હોતો કદી કેસરી અહીં સુણ્યો, ઓચિંતું આ શું થયું ?
નિશ્ચે કાંઈ વિચિત્ર આજ રચના દિસે પ્રભુએ રચી;
જોવો છે સહુ તાલ આજ નવલો, થાવાનું થાશે નકી."
ત્રાડી પુંછ પછાડીં ઘોર ગરજી જોઇ રહ્યો કેસરી;
ને લાંબી ભરતો ફ્લંગ ફરીયો ચોમેર ક્રોધે કરી;
બેઠો સન્મુખ ભક્તની ઘુઘવતો દૃષ્ટિ કરી ક્રુર તે,
શુરા ભક્ત તણી રખે ભગતીની કે શું કસોટી કરે !

ઉધોર છંદ.

ઘડીમાં તેહ ઉભો થાય;
અહીંથી ત્યાહી આંટા ખાય;
ભરતો ફાળ પાડે ત્રાડ;
જાણે તુટી પડીયો પ્હાડ.

---

૧૨ રા. રા. ગેંગોલી ફર્સ્ટકલાસ સબજડજ કારવાર લખે છે કે અમૃ-
તાંજન કફ સંધીવા સળેખમ સરદી મટાડે છે. કી. આઠ આના.

જ્યારે મુખ એ વિકસંત,
ત્યારે નજર આવે દંત;
કાઢે ન્હોર, મારે થાપ;
ગરજે ધામ આપોઆપ.
એવા કૈંક કરતાં ફંદ,
પુરા પ્રહર એ નીસરંત.
શુરા ભકત મીંચી આંખ,
ભજતા ઉમા કેરા કાંત,
મારી કેસરી એ ફાળ;
વિકસ્યું મુખ રે વિકરાળ;
લીધા ભકતને ચડીચોટ;
પકડી જોરથી છે કોટ.
તોયે ધ્યાન ના ચુકંત;
મુખથી શબ્દ ના ઉચરંત;
ભક્તિ ભકતના શિર સાટ;
વસમી ભક્ત જનની વાટ.
મુકી ભકત જ્યાં ના ત્યાંહ્ય,
ચાલ્યો કેસરી વન માંહ્ય;
જ્યારે થાય સઘળું શાત,

ઉચરે ભક્તજી એકાંત.
"આ તે સત્ય કે આભાસ !
ન્હોતી જીવવાની આશ !
ક્યાં એ કેસરી વિકરાળ ?
કે આ આળ ને પંપાળ ?
નિશ્ચે કેસરી એ ન્હોય;
પરછો દેવનો એ હોય;
જોઉં હોય જો તે બ્હાર;
પકડી ઉતરૂં ભવ પાર."
જેવે બ્હાર આવી જોય,
તેવે કેસરી ત્યાં ન્હોય;
સઘળું શાંત ત્યાં દેખાય;
જોઇ ભક્ત વિસ્મય થાય.

મંદાક્રાંતા.

"કેવી લીલા અદ્ભુત થઇ આજ આશ્ચર્યકારી !
શા માટે હું ઘરથી નિસર્યો ! ક્યાંથી આ મેઘ ભારી !
ક્યાંથી રે'વું અધવચ અહીં ! ક્યાંથી તે સર્પ કાળો !

---

૧૪ દીનાનાથ બી. નાયક હાંડેકર એલ એમ એન્ડ એસ અને છ. પી. મુંબઇ—જણાવે છે કે સંધીવાના રોગોપર અમૃતાંજન સારી રીતે વાપરી શકાય છે.

ને ક્યાંથી આ વન ગજવતી કેસરી કેરી ત્રાડો!
લાગે છે કે રજની સઘળી એમ ચાલી ગઈ છે,
વર્ષાદે એ બહુ બહુ પડી મ્હેર હાવે કરી છે;
આકાશે તો જગમગ થતા તારલા છે પ્રકાશે;
ધારૂં છું કે પ્રહર રજની માંડ બાકી જ હોશે."
ઉભા ઉભા ભગત જવ ત્યાં આ વિચારો ચલાવે,
તેવે કોઈ અવધુત સમા યોગી સામેથી આવે;
આવી ઉભા સમીપ દિસતા શાંત આનંદકારી;
ભક્તે પ્રેમે નમન કરીને પ્રશ્ન પુછ્યા વિચારી.

ભુજંગપ્રયાત.

"કહો યોગી ક્યાંથીજ વ્હેલા પધાર્યા ?
કહાં છે જવું ? આંહી શા માટ આવ્યા ?
હજી રાત બાકી ! વળી મેહ આવો !
ક્યા કારણે કષ્ટ આવું ઉઠાવો ?"
કહે યોગી "ના થાક લાગે અમોને,
પડે મેહ તો લાભ છે પ્રાણીઓને;
અમે સેવીએ ટાઢ ને તાપ ભારી;
અમારોજ તે દિન જે રાત ત્હારી.

ઘણા કાળથી આંહી હું તો વસું છું;
કંઈ કારણે વિશ્વ માંહી ફરૂં છું;
મને ઓળખે ભક્ત લોકો અનેરા;
લઉં જેમની ભેટ હુ કોઇ વેળા.
સુણી વાત કે પાંડ્રશૃંગાખ્ય પુરી,
મહીં છે વસે કાઠીની જાત શુરી;
થયો ભક્ત નામે કરીને "શુરો" ત્યાં,
જઉં આજ ઉલ્લાસથી તે હશે જ્યાં."
સુણી વાણી યોગી તણી આવી રૂડી,
કહે ભક્ત શુરો વળી હાથ જોડી;
"મહારાજ! જે કારણે છો પધારો,
અહીં હું જ તે આપનો દાસ શુરો.
કહો આપ જે કાર્ય તેતો કરૂં હું;
ખરા સંત કેરો સદા દાસ હું છું;
નથી સંતથી કાંઇ મ્હારે વધારે;
કરૂં આપની સેવ કેવા પ્રકારે?"
કહે યોગી કે "ઠીક આંહી મળ્યો તું,
ગઇ કાલનો ઉપવાસી જ હું છું;
બહુ ભુખ લાગી કંઇ લાવી દે તું,

૧૬ એમ. કયુપાસ્વામી એમ. એ તહસીલદાર લખે છે કે માથાના દુઃખાવાને જલ્દી આરામ આપનાર અમૃતાંજન છે.

પછી વાત નિરાંતથી સર્વ કે'શું."
કહે ભક્ત "યોગી! રહી રાત થોડી,
નદી રેલતી જોરથી જાય દોડી;
તથાપી પ્રભાતે ગમે તેમ લાવું,
મ્હારાજ! હું આપનું મંન ભાવ્યું."
કહે યોગી "ના તેટલી વાર થોભું,
સદાવ્રત દેનાર પ્રખ્યાત છે તું;
મને છે ખપે માંસ પ્રાણી પશુનું,
મળે નાંહી જો અન્ન તો લાવ તેનું."
કહે ભક્ત "ના શસ્ત્ર મારી કને છે,
પશુ મારતાં પાપ ભારી કહ્યું છે;
કરો માફ, યોગી! ન એ ધર્મ મ્હારો,
કહો અન્ય સેવા ગણીને ત્હમારો."
કહે યોગી "આ શસ્ત્ર છે મ્હારી પાસે,
પશુ મારતાં જો તને પાપ ભાસે;
જરા કાપી દે માંસ આ દેહ ત્હારો!
નહીં પાપ લાગે, રહે ટેક ત્હારો!"
સુણી વાણી યોગીશની આ પ્રકારે,

જહીં શસ્ત્ર તો કોટમાં ભક્ત મારે;
"ખમા ! રે ખમા !" યોગી એવું ઉચ્ચારે,
ગ્રહી હાથ ને ભક્તજીને ઉઠાડે.

અનુષ્ટુપ.

"માગી લે માગી લે શુરા ! આવો લાગ નહીં મળે !
ધર્મને કર્મ ત્હારાં જે, આજે પૂર્ણપણે ફળે !
ભક્ત તું જેહનો કા'વે, ભોળો શંભુ તેજ હું !
કુંભનોનાથ હું ત્હારી, ભક્તિથી જ પ્રસન્ન છું !"

માલિની.

ખળ ખળ ખળ અશ્રુ નેત્રમાંથી વહે છે !
અધિક અધિક પ્રીતે પાય તેને પડે છે !
પુલકિત તનુ થાતાં તે પ્રણામો કરે છે !
ગદ ગદ ગદ કંઠે ભક્ત સ્તુતિ કરે છે !
"જનમ સફળ મ્હારો આજ એ ઇશ કીધો !
પતિત મુજ સરિખો સ્પર્શથી શુદ્ધ કીધો !
મમ કર ગ્રહી દેવા ! દુ:ખથી તારી લીધો !
અભય વચન આપી નિર્ભયથી છેક કીધો !
અગણિત જનમો આ લોક માંહીજ લીધા !
સકળ અનુભવો મ્હેં નાથ પુરાય કીધા !

નથી નથી નથી કાંઇ આંહી તૃષ્ણા રહી છે!
અચલપદ મહીં તો દ્રષ્ટિ હાવે ઠરી છે!
ત્રિભુવન શિવકારી! નિત્ય આનંદારી!
ભવ ભય સહુ હારી! મસ્તકે ગંગધારી!
સુર મુનિવર સંઘે, ભાવથી નિત્ય સેવ્યા!
જનમ મરણ ટાળી, મુક્તિ દે દેવદેવા!
શિવજી વળતી કે'છે, "કર્મ ત્હારાં અધુરાં,
તુજ જીવનની જોડે સર્વ થાશેજ પુરાં;
વિગત સહુ થતાં તે દેહ આ છુટી જાશે;
પછીથી તુરત શુરા! શ્રેષ્ઠ મુક્તિ પમાશે."

અનુષ્ટુપ.

"લઇ જા આ પ્રસાદી તું, અન્નની ઘેર સાચવી;
કોઠીમાં નાખજે ત્હારી, અન્ન ના ખુટશે કદી.
ઢાંકણું કોઠીનું વાશી, સાણેથી કાઢજે સદા;
વંશના વંશ સુધી આ, જાણજે જ ફુલપ્રદા.
વળી આ વસ્ત્રને લે તું, સ્નેહથી સાચવ્યે નકી,
અન્ન ને વસ્ત્રની તંગી, કદીએ નડશે નહીં.
વિશેષે જાણી લે શુરા! સ્વપ્નમાં કંઇ જે કહ્યું;
સર્પ ને મેહુ ઇત્યાદિ થયું તે મુજથી થયું.
બને તે ભાવથી શુરા! ધર્મકાર્ય કર્યે જજે;

૧૯ અમૃતાંજન શરદી ને કફ માટે સારૂં છે.

સંપત્તિ સંતતિ પામી, છેવટે મોક્ષ પામજે!"
વદીને વેણુ આવાં તે, અનાદિ કાળના યતિ,
ભક્તના દેખતાં ત્યાંહી, અંતર્ધ્યાન થયા નકી.

વસંતતિલકા.

આશિષ દેવ તણી આ શિરથી વધાવી,
આનંદ કાંઇ અધિકો દિલ માંહી લાવી;
સુરમ્ય દિન ઉગતાં દિશપૂર્વ વિષે,
ધીમેથી ભક્ત વળીયા નિજ ગામ દિશે.
"શા કારણે ભગત ઘેર હજુ ન આવ્યા!
એ દિન તેમ રજની કંહી છે સિધાવ્યા?"
એ રીતથી બહુજ તર્ક વિતર્ક લાવી,
સામીં તહીં ભગત કેરી જમાત આવી.
રસ્તે મળ્યા ભગત, ને સહુ વાત પુછી,
"શા કારણે અસુર આવવું? છોજ ખુશી?
ક્યાં રાત ગાળી? વળી મેહ પડયોય કેવો?
શી પોટલી કર ગ્રહી? સઘળુંજ તે કહો."
કે'છે કથા વિગતવાર શુરો બધી ત્યાં,
સુણે સહુ નગર દિશ જ જાતજાતાં;
પુરી થઇ ભગતની સહુ વાત જ્યારે,

આવી ગયું નગર પાંડૂશીંગાય ત્યારે,
ચાલી રહી ભગત કેરીજ વાત જ્યાં ત્યાં,
આવી મળ્યા જન સહુ વળી પાદરે[1] ત્યાં;
ભેટો ધરી પૂજન ભાવ થકી કરીને,
તેડી ગયા ગૃહ ભણી બહુ હોંશથી તે.

અનુષ્ટુપ.

પ્રસાદી અન્નની પૂજી, કોઠીમાં પધરાવતાં,
ઢાંકણું ઢાંકતાં ત્હેનું, ભરાણીજ છલોછલાં.
પ્રસાદી વસ્ત્રની મુકી, પેટીમાં સાચવી કરી,
હજુ એ એવીને એવી, સચવાઇજ છે રહી.
પછીથી ભકતને હાથે, ધર્મ કાર્ય ઘણાં થયાં;
જીવીને વર્ષ એ જાજાં, દેવલોક ભણી ગયા.
એક સો ચૌદ વર્ષો આ, વાતનેજ વહી ગયાં;
હજુ એ પાંડૂશીંગામાં ધામ ભકત તણાં રહ્યાં.
વંશને વારસો મોટો, શુરા ભક્ત મુકી ગયા;
નીતિને ભક્તિ કેરાં જ્યાં, પછંદા ય પડી રહ્યા.

× × × × × ×

ભાવનગ્ર થકી જાતી, બી. જી. જે. પી. જ રેલવે,
ધોળાના જંકશને થૈને, ઢસાને સ્ટેશને મળે.

---

૧ ભાગોળમાં.

હસેથી કુંડલે જાતાં, દૂરથી નજરે પડે,
કુંભના દેવનાં ધામો, જે ઉંચાં ગગને અડે.
જવું જો હોય ત્યાં કોને, દીમનગ્ર જ ઉતરે;
ભાવથી પૂજતાં ફેરો, જન્મ મર્ણ તણો ટળે.

સોરઠા.

સંવત ઓગણીસેં, અધિકાં અગણ્યોતેરમાં,
" નિર્જળ " નામે જેહ, અગીયારશ મોટી કહી,
શનીવાર ને દિન, મુંબઇના ટાપુ મહીં,
વાત બધી પ્રાચીન, પ્રીતેથી પુરી લખી.
પાંડરશીંગા ગામ, જન્મભૂમિ મ્હારી ખરી;
તહીંછ મ્હારૂં ધામ, ભક્ત તણી પાડોશમાં.
ના જાણું પદબંધ, તેમ નથી હું તો કવિ,
વર્ણન આ અકબંધ, કાલું ઘેલું છે કર્યું,
હંસ ગ્રહીને દૂધ, જેમજ જળ છોડી દીયે;
તેમજ જન વિબુધ, આ પરથી સારજ ગ્રહે.

પ્રભાશંકર જયશંકર પાઠક.

કમતાકાત સ્ત્રીપુરૂષો માટે

બાદશાહી ટોનીક પીલ્સ.

બાદશાહી ટૉનીક પીલ્સ ગયેલી શક્તિ પાછી લાવે છે, સ્વપ્નામાં યા પેશાબમાં જતી ધાતુ અટકાવે છે, હમેલ દરમ્યાન વાપરવાથી ગર્ભાશય સંપૂર્ણ રીતે જાળવે છે. સ્ત્રીઓના અનીયમિત સ્રાવને અટકાવી ગર્ભસ્થાન સુધારે છે. વિદ્યાર્થીઓના મગજને પુષ્ટી આપી યાદદાસ્તમાં વધારો કરે છે. ત્રણ દિવસ વાપરવાથી બુઝર્ગોને પણ વિજલીની ઝડપે જુવાનીની મજા દેખાડે છે. કીંમત ૪૦ ગોળીઓની બાટલીના રૂ. ૨) પોસ્ટેજ જાદુ.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—**મુંબઇ.**

બચ્ચાંઓ માટે તંદુરસ્તીનો વીમો.

બાદશાહી બાલામૃત.

તમે તમારા બાળકોને લોહીઆળ, મજબુત, હસમુખા જોઇને સુખી થવા માંગો છે ? જો તેમજ હોય તો શા માટે **બાદશાહી બાલામૃત** તેમને નથી આપતા ? આ બાલામૃત બાળકોને જલદી માફક આવે તેવું સ્વાદિષ્ટ, પાચન થઇ જાય તેવું, બાળકોને નિરોગી રાખનાર આ એકજ છે. કીમત બાર આના, પોસ્ટેજ ચાર આના.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—**મુંબઈ.**

બાદશાહી
હેડેક ક્યોર.

(માથાના દુખાવાની ટીકડીયો.)

ગમે તેવો માથાનો દુખાવો, આધાશીશી, મસ્તકસુળ, અથવાં ગરમીની રૂતુમાં થતો માથાનો દુખાવો, સ્ત્રીઓને માસીક બીમારીમાં થતો માથાનો દુખાવો એકજ ટીકડી લેવાથી આરામ થાય છે. એક અગર બે ટીકડી લેવાથીજ માથાનો દુખાવો દુર થાય છે. એક શાગડી (૨૪ ટીકડી) ની કીંમત આના ૧૨ પો. જુદુ.

સોલ એજંટ છોટાલાલ છગનલાલ મહાજન.
શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ.

બાદશાહી રીંગવર્મ ઓઇન્ટમેન્ટ.

(દરાજનો મલમ.)

કેટલાંક વર્ષની જુની દાદર હોય તો તે પણ ફક્ત ચાર દીવસમાં જડમુળ જાય છે. લગાડતી વખતે કંઇ પણ બળતરા થતી નથી. આજકાલ બજારમાં ઘણી જાતના દાદરના મલમ મળે છે; પણ ફાયદો કરવાવાળા કવચીત માલુમ પડે છે. કોઇ કોઇ ફાયદો કરે છે, તો થોડા દીવસમાં તે દરદ તે જગો ઉપર તેવું ને તેવું થઇ આવે છે. બાદશાહી રીંગવર્મ ઓઇન્ટમેન્ટ લગાડવાથી ગયેલું દરદ ફરી થવા પામતું નથી. લાલ, કાળી, કોઇ પણ જાતની દરાજને દફે કરવામાં અકસીર છે. કીમત ડબી એકના ચાર આના પો. જુદું.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન.
શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ

કસ્તુરી મિશ્રીત સ્વદેશી સૈન ! સૈન ! .

આપ જાનતે હો સૈન સૈન કયા ચીજ હૈ. સૈન સૈન ઇસ દુનયામેં એક અનોખા વસીકરણ હૈ. છોટે બડે સબકો ઇસી સૈન સૈનને દીવાના બનાયા હૈ. રાજમહાલસે ગરીબોંકી ઝોંપડી તક હરેક જગહ સૈન સૈનને બડા આદર પાયા હૈ. ઝનાનખાનેમેં તો વહ વિશેષ આદરકી ચીજ હૈ ક્યોંકી ઇસકા સ્વાદ લહજ્જત અલૌકીક હૈ. ઇસકે આગે બઢીયાસેબઢીયા તામ્બુલ બીહારભી લજ્જીત હો જાતા હૈ. યહ બાત તો સબ ઉસકે સ્વાદકે વારેમેં હુઇ. અબ ઇસ સૈન સૈન સે ફાયદા કયા હૈ? સુન લીજીયે, સૈન સૈન પાનમેં યા તંબાકુમેં ખાનેસે મુહકી બદબુ દુર કરતા હૈ. ઇતનાહી નહી મુહકો ઘંટાતક કિસી અજીબ ખુશબોમેં ભર દેતા હૈ. દીમાગકો ઠંડા બનાતા હૈ. કંઠકો સાફ કરકે સુરકો મોહક બનાતા હૈ. ચહેરેકી સુરખી બઢાતા હૈ ઓર ખાંસીકો દુર કરતા હૈ. દામ ૮૦૦૦ ડીબીયોંકા રૂ. ૨॥।) ડા. મ. રૂ. ૦—૬—૦.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ.

બાદશાહી એગ્યુમીક્ષ્ચર.

રોજીઓ, એકાંતરીઓ ટાઢીયો ગમે તેવો ઝેરી તાવને હઠાવવાની અદભુત શક્તી ધરાવે છે. તાવ એકજ દિવસમાં નાબુત થાય છે ત્રણ દિવસ લેવાથી તાવથી ગયેલી શક્તી પાછી લાવે છે. એક એક બાટલી હરેક ગૃહસ્થોએ પોતાની પાસે રાખવી જોઇએ કે જરૂરના વખતે કામ આવે. કીંમત બાર આના પોસ્ટેજ ચાર આના.

સોલ એજંટ છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—**મુંબઇ.**

બાદશાહી પેનક્યુરર.

આ દવા પીવાથી અગર લગાડવાથી તમામ દર્દ દુર કરે છે. જેવાં કે સરદી, સળેખમ, ઠાંસો, ઝેરીગળસુ, ગળાની નાડીના સોજા, સસણી, તાવ, ટાઢીયો તાવ, બદહજમી, કલેજાના રોગ, અમ્લપીત્ત, મસ્તકશુળ છાતીમાં બળવું, અજીર્ણ, સંધીવાત, તથા કેડોના રોગ, જ્ઞાનતંતુના વીકાર, નજલો, મોઢું, ગળું તથા પેટમાંના નાસુર, હરસ, ઉલટી, માથાનો દુખારો, કોલેરા, પેટમાં થતી ચુંક, કરમ, દાઝવું, ગજકરણુ, જુની ગાંઠો, દાંતનો દુખાવો, પાંસલી, પીઠ તથા કેડોનો દુખાવો વગેરે તમામ દર્દ નાબુદ કરે છે. કીંમત બાટલી એકનો રૂ. ૧) પો. જુદું.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન

શેખમેમણ સ્ટ્રીટ—**મુંબઇ.**

બાદશાહી કર્ણબીન્દુ.

કાનમાંથી પરૂ, લોહી નીકળવું, દર્દ થવું, ખરાબ વાસ મારવી વગેરે આ દવાના ટીપાં નાખવાથી તુરત આરામ થાય છે. કીંમત બાટલી એકના બાર આના. પોસ્ટેજ પેકીંગ ચાર આના.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહુજન.

શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ.

બાદશાહી

નેત્રબીન્દુ.

આંખના સાધારણ દર્દ ઉપરાંત થોડા દિવસમાં પડેલા મોતીયા બીંબ ઉપર ફાયદો કરે છે. રતાંધળાં જેવાં કે રાત્રે સાફ દેખાઈ શકાતું નથી તેવાને માટે તો ખાસ આ દવા છે. હર હમેશ વાપરવાથી આંખોનું તેજ જીંદગી સુધી કાયમ રહે છે. કીંમત બાટલી એકનો રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

સોલ એજંટ, છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ.

બાદશાહી રતીવિલાસ.

જ્ઞાનતંતુઓની નબળાઈ, શરીરમાં જ્ઞાનતંતુઓનું બંધારણ ઘણુંજ અદ્ભુત રીતે રહેલું છે તેની હીલચાલ એ શરીરના બાંધાનું મુખ્ય સ્થળ છે. જ્યારે જ્ઞાનતંતુઓ નબળા થઈ જાય છે અગર શરીરના કોઈપણ અવયવો અનીયમિત અને નબળા થાય છે, ત્યારે માણસ મંદવાડને આધિન થાય છે. વધુ પરિશ્રમ, વધુ અભ્યાસ કરવો, હવા પાણીની મુસ્કેલી, ખરાબ રસ્તે વીર્યનું જવું. વધારે સ્ત્રી ભોગવી, વીગેરે વખતે આ દવા ઘણી ઉપયોગી થઈ પડશે. વીર્યને વધારે છે. કીંમત એક બાટલી ગોળીયોની અને એક બાટલી તેલની શીશી સાથે રૂ. ૧૦ પોસ્ટેજ જુદું.

સોલ એજંટ. છોટાલાલ છગનલાલ મહાજન.

શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ.